# BCCIની 2023-24ની કુલ રૂ. 9,741.7 કરોડની કમાણીમાં IPLનો હિસ્સો ઘણો મોટો

**2023-24માં થયેલી રૂ. 9,741.7 કરોડની કુલ કમાણીમાં એકલા IPLમાંથી રૂ. 5,761 કરોડ મળ્યા**

નવી દિલ્હી, તા. 18 : ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ની દર નાણાકીય વર્ષ દરમિયાન જે કમાણી થાય છે તેમાં આઇપીએલમાંથી થતી કમાણીનો હિસ્સો ઉત્તરોત્તર વધતો જઇ રહ્યો છે. આ સ્થિતિમાં બીસીસીઆઇ માટે આઇપીએલ હવે માત્ર એક ક્રિકેટ ટૂર્નામેન્ટ નથી રહી પણ આવકનો મોટો સ્ત્રોત એવી સોનાના ઈંડા આપતી મરઘી સમાન બની ગઇ છે. બીસીસીઆઇની નાણાકીય વર્ષ 2023-24માં કુલ આવકમાં લગભગ 59 ટકા ફાળો આઇપીએલએ આપ્યો છે અને તેમાંથી બીસીસીઆઇને 5761 કરોડ રૂપિયાની કમાણી થઇ છે.

એક અહેવાલ અનુસાર નાણાકીય વર્ષ 2023-24માં બીસીસીઆઇએ કુલ 9,741.7 કરોડ રૂપિયાની આવક મેળવી હતી. તેમાંથી 5,761 કરોડ રૂપિયા ફક્ત આઇપીએલમાંથી આવ્યા હતા. આ દર્શાવે છે કે આ ટુર્નામેન્ટ હવે બીસીસીઆઇના નાણાકીય માળખાનો આધાર બની ગઇ છે. 2008માં શરૂ થયેલી આ લીગ ક્રિકેટ ઇવેન્ટ વર્ષ-દર-વર્ષ વધુ લોકપ્રિય બની છે. બિઝનેસ નિષ્ણાતો કહે છે કે આ ટૂર્નામેન્ટ બીસીસીઆઇ માટે સોનાના ઈંડા આપતી મરઘી જેવી છે. તે માત્ર સૌથી સફળ ટી-20 લીગ જ નથી, પરંતુ તે સ્થાનિક ખેલાડીઓને ભારતીય ટીમમાં સ્થાન બનાવવાની તક પણ આપે છે. આ ઉપરાંત, મિડિયા અધિકારોમાંથી થતી આવક સતત વધી રહી છે.

બીસીસીઆઇને ઇન્ટરનેશનલ મેચો અને રણજી ટ્રોફી, દુલીપ ટ્રોફી વગેરે જેવી અન્ય સ્થાનિક ટુર્નામેન્ટના પ્રસારણમાંથી પણ થોડી આવક મળતી હતી, પરંતુ તે આઇપીએલની તુલનામાં ઘણી ઓછી હતી. રિપોર્ટ અનુસાર, બીસીસીઆઇને આ નોન-આઇપીએલ પ્રોપર્ટીઝમાંથી માત્ર 361 કરોડ રૂપિયાની કમાણી થઇ છે.

### બીસીસીઆઇ પાસે 30,000 કરોડ રૂપિયાનું રિઝર્વ ફંડ

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બીસીસીઆઇ પાસે લગભગ રૂ.30,000 કરોડનું રિઝર્વ ફંડ છે. તે વાર્ષિક લગભગ રૂ.1,000 કરોડનું વ્યાજ પણ કમાય છે. આ ઉપરાંત, સ્પોન્સરશિપ, મીડિયા ડીલ્સ અને મેચ ડે કમાણીને કારણે દર વર્ષે લગભગ 10-12 ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. તે જ સમયે, આઇસીસી પણ ભંડોળ માટે બીસીસીઆઇ પર મોટાભાગે નિર્ભર છે, કારણ કે અન્ય ક્રિકેટ બોર્ડ ભારતીય બોર્ડ જેટલું કમાઈ રહ્યું છે તેટલું કમાઈ શકતા નથી.

## આજે લોર્ડ્સમાં બીજી વન ડે, ભારતીય મહિલા ટીમની નજર અજેય સરસાઇ મેળવવા પર

**આગામી** વન ડે વર્લ્ડકપને ધ્યાને લેતા ભારતીય ટીમ માટે ઈંગ્લેન્ડ સામેની આ સીરિઝ મહત્વપૂર્ણ

**ભારતીય** ટીમની બેન્ચ સ્ટ્રેન્થ ખુબ મજબૂત, ટીમ મેનેજમેન્ટ પાસે એક સ્થાન માટે બહુવિધ વિકલ્પ



લંડન, તા. 18 (પીટીઆઇ) : ભારત અને ઈંગ્લેન્ડની મહિલા ટીમો વચ્ચેની ત્રણ મેચની વન ડે સીરિઝની બીજી મેચ આવતીકાલે શનિવારે લોર્ડ્સમાં રમાનારી મેચમાં જીત મેળવીને ભારતીય મહિલા ટીમ સીરિઝમાં અજેય સરસાઇ મેળવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

મહિલા વનડે વર્લ્ડકપની તૈયારીઓના સંદર્ભમાં ઈંગ્લેન્ડ સામેની આ સીરિઝ મહત્વપૂર્ણ છે. ઘણી ખેલાડીઓના ઉત્તમ પ્રદર્શનને કારણે, વર્લ્ડકપ ટીમમાં સ્થાન મેળવવા માટેની સ્પર્ધા વધી રહી છે. ટીમમાં કેટલીક જગ્યાઓ એવી છે જેમાં ટીમ મેનેજમેન્ટ પાસે ઘણા વિકલ્પો છે. ટીમની ઊંડાઈ અને બેન્ચ સ્ટ્રેન્થ પહેલા ક્યારેય આટલી સારી નહોતી. ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુર અને પૂજા વસ્ત્રાકર ઈજાને કારણે આ સીરિઝમાં નથી. તેમની ગેરહાજરીમાં, ટીમે પ્રથમ મેચમાં થોડી વધુ અનુભવી અરુંધતી રેડ્ડી કરતાં ક્રાંતિ ગૌડને પસંદ કરી હતી અને આ 21 વર્ષીય ખેલાડીએ બે વિકેટ લઈને પ્રભાવ પાડ્યો હતો.

# નરમ ડ્યુક બોલ બાબત તપાસ કરાશે: ફરિયાદો ઉઠતા ઉત્પાદક બોલ્યા

**સપ્તાહના** અંત સુધીમાં ઇસીબી ઉત્પાદક કંપનીને શક્ય એટલા વધુ વપરાયેલા ડ્યુક્સ બોલ પરત કરશે

**1760થી** બની રહેલો ડ્યુક્સ બોલ હાલના વર્ષોમાં ટેસ્ટ અને કાઉન્ટી ક્રિકેટમાં સતત ટીકાનું કારણ બન્યો



લંડન, તા. 18 (પીટીઆઇ) : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ સીરિઝ દરમિયાન ટીકાનો સામનો કરી રહેલા 'ડ્યુક્સ' બોલના ઉત્પાદકે શુક્રવારે જણાવ્યું હતું કે તે બોલ ઝડપથી નરમ થઈ રહ્યો છે તેની સંપૂર્ણ સમીક્ષા કરશે. ભારતીય કેપ્ટન શુભમન ગીલ અને ઈંગ્લેન્ડના માજી ઝડપી બોલર સ્ટુઅર્ટ બ્રોડની ટીકા બાદ, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) આ અઠવાડિયાના અંત સુધીમાં ડ્યુક્સ બોલ મેન્યુફેક્ચરિંગ કંપનીને શક્ય તેટલા વધુ વપરાયેલા બોલ પરત કરશે.

બીબીસી સ્પોર્ટ્સના જણાવ્યા અનુસાર, ડ્યુક્સનું ઉત્પાદન કરતી બ્રિટિશ ક્રિકેટ બોલ્સ લિમિટેડના માલિક દિલીપ જાજોદિયાએ કહ્યું હતું કે અમે આ વપરાયેલા બોલ લઈશું, તેનું નિરીક્ષણ કરીશું અને પછી તેના ઉત્પાદન સાથે સંકળાયેલા લોકો સાથે વાત કરીશું. આ બાબતે અમે જે પણ જરૂરી પગલાં હોય તે લઈશું. તેમણે કહ્યું હતું કે જો સમીક્ષામાં અમને લાગે કે કેટલાક ફેરફારો કરવાની જરૂર છે, તો અમે તે કરીશું.

પાંચ મેચની સીરિઝ દરમિયાન, મેદાન પરના અમ્પાયરોને નિયમિતપણે બોલ બદલવા પડતા હતા કારણ કે તે ઝડપથી નરમ પડી રહ્યા હતા. લગભગ 30 ઓવરના ઉપયોગ પછી બોલ ખરાબ થઈ રહ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયાને કારણે મેચ દરમિયાન વિલંબ પણ થયો હતો.

ટેસ્ટ શ્રેણી માટે કયો બોલ વાપરવાનો છે તે યજમાન બોર્ડ નક્કી કરે છે. ઇંગ્લેન્ડમાં ડ્યુક્સ બોલનો ઉપયોગ થાય છે, જ્યારે ભારતમાં ટેસ્ટ મેચો એસજી બોલથી રમાય છે. ઓસ્ટ્રેલિયામાં કૂકાબુરાનો ઉપયોગ થાય છે. ડ્યુક્સ બોલ 1760થી બનાવવામાં આવી રહ્યો છે, પરંતુ તાજેતરના વર્ષોમાં ટેસ્ટ અને કાઉન્ટી ક્રિકેટમાં તેની ટીકા થઈ છે.

## ત્રિકોણીય ટી-20 સીરિઝ : કોનવે-હેનરીની જુગલબંધીથી ન્યૂઝીલેન્ડે ઝિમ્બાબ્વેને હરાવ્યું

**હેનરીની** આગેવાનીમાં ન્યૂઝીલેન્ડના બોલરોએ ઝિમ્બાબ્વેને 120 રનના સ્કોર સુધી સિમિત રાખ્યું

**ડેવોન** કોનવેની નોટઆઉટ અર્ધસદીથી 13.5 ઓવરમાં જ ન્યૂઝીલેન્ડે બે વિકેટે લક્ષ્યાંક આંબી લીધો



હરારે, તા. 18 : ઝિમ્બાબ્વેમાં રમાઇ રહેલી ત્રિકોણીય ટી-20 સીરિઝની આજે શુક્રવારે રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડે મેટ હેનરીની આગેવાનીમાં બોલરોના ઉમદા પ્રદર્શન અને તે પછી ડેવોન કોનવેની નોટઆઉટ અર્ધસદીની મદદથી યજમાન ઝિમ્બાબ્વેને આઠ વિકેટે હરાવીને સતત બીજી જીત બાદ પોઈન્ટ ટેબલમાં સરસાઈ મેળવી લીધી છે.

ન્યુઝીલેન્ડના બોલરોએ ઝિમ્બાબ્વેને સાત વિકેટે 120 રન સુધી સિમિત રાખ્યા પછી લક્ષ્યાંક આંબવા ઉતરેલી કીવી ટીમે બીજી ઓવરમાં જ ટિમ સીફર્ટની વિકેટ ગુમાવી હોવા છતાં કોનવેએ પહેલા રચિન રવિન્દ્ર સાથે 59 રનની અને તે પછી ડેરિલ મિચેલ સાથે 58 રનની નોટઆઉટ ભાગીદારી કરીને ન્યુઝીલેન્ડને આઠ વિકેટે જીત અપાવી હતી. કોનવે 40 બોલમાં 59 રન કરીને નોટઆઉટ રહ્યો હતો જ્યારે મિચેલ 19 બોલમાં 26 રને નોટઆઉટ રહ્યો હતો. આ હારની સાથે પોઈન્ટ ટેબલમાં ઝિમ્બાબ્વેનું ખાતુ હજું ખુલ્યું નથી.

## ફ્રીસ્ટાઈલ ગ્રાન્ડ સ્લેમ ચેસ : એરિગાસી સેમીમાં, પ્રજ્ઞાનંધા ટાઈટલ રેસમાંથી બહાર

**અર્જુન** એરિગાસીએ ઉઝબેકિસ્તાનના નોદિરબેકને હરાવ્યો, પ્રજ્ઞાનંધા અમેરિકાના ફેબિયાનો કારુઆના સામે હાર્યો

લાસ વેગાસ, તા. 18 (પીટીઆઈ) : ફ્રી સ્ટાઈલ ગ્રાન્ડ સ્લેમ ચેસ ટુર્નામેન્ટમાં ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગાસી ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવને હરાવીને સેમિફાઈનલમાં પહોંચી ગયો છે. જ્યારે આર પ્રજ્ઞાનંધા અમેરિકાના ફેબિયાનો કારુઆના સામે હારીને ટાઈટલની રેસમાંથી બહાર થઈ ગયો છે. એરિગાસીએ અબ્દુસત્તોરોવને 1.5-0.5થી હરાવ્યો હતો, જ્યારે પ્રજ્ઞાનંધા કારુઆના સામે 3-4થી હાર્યો હતો.

પ્રજ્ઞાનંધા અને કારુઆના વચ્ચે કુલ સાત નિર્ણાયક ગેમ રમાઈ હતી. આ દરમિયાન ભારતીય ખેલાડીએ ત્રણ વાર સરસાઈ મેળવી હતી. પ્રજ્ઞાનંધાએ પહેલી ગેમ જીતી હતી પણ બીજી ગેમ હાર્યો હતો.

આ ટ્રેન્ડ છઠ્ઠી ગેમ સુધી ચાલુ રહ્યો. આ પછી અમેરિકન ખેલાડીએ સાતમી ગેમ જીતીને સેમી ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. આ હાર સાથે પ્રજ્ઞાનંદે સાત અન્ય ખેલાડીઓ સાથે નીચલા કૌંસમાં સરકી ગયો છે.

## અરશદ નદીમે પાકિસ્તાનની પોલ ખોલી : મેડલ જીત્યા પછી જમીન આપવાનું વચન બોગસ હતું

**રોકડ** પુરસ્કારો તો મળી ગયા પણ સરકારે જાહેર કરેલી જમીનની ફાળવણી હજુ સુધી કરવામાં આવી નથી : અરશદ નદીમ

ઈસ્લામાબાદ, તા. 18 : પેરિસ ઓલિમ્પિક્સમાં 92.97 મીટરના રેકોર્ડ થ્રો સાથે ગોલ્ડ મેડલ જીતનાર પાકિસ્તાનના ભાલા ફેંક અથ્લેટ અરશદ નદીમે કહ્યું છે કે મેડલ જીત્યા પછી તેને આપેલા ઘણા વચનો હજુ સુધી પૂરા થયા નથી. નદીમે કહ્યું કે તેના માટે કરવામાં આવેલી જમીન ફાળવણીની જાહેરાત બોગસ પુરવાર થઈ છે.

નદીમ ઓલિમ્પિક્સમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ પાકિસ્તાની ખેલાડી બન્યો. આ ઐતિહાસિક સિદ્ધિ બાદ, પાકિસ્તાની ભાલા ફેંક એથ્લેટના સન્માનાર્થે અનેક પુરસ્કારો જાહેર આવ્યા હતા. સરકાર, પ્રાંતીય વહીવટીતંત્ર અને ખાનગી સંસ્થાઓ દ્વારા નાણાકીય પુરસ્કારોનું વચન આપવામાં આવ્યું હતું. નદીમને વચન પ્રમાણે રોકડ પુરસ્કારો યોગ્ય રીતે પૂરા પાડવામાં આવ્યા છે, પરતું આ દરમિયાન જાહેર કરાયેલી જમીનની ફાળવણી હજુ સુધી થઈ નથી. નદીમે કહ્યું હતું કે મારા માટે જાહેર કરાયેલા તમામ પુરસ્કારોમાંથી, જમીન ફાળવણીની જાહેરાતો બોગસ હતી, જે મને મળી નથી. હા, મને જાહેર કરાયેલા રોકડ પુરસ્કારો મળ્યા છે. નદીમનું આ નિવેદન પાકિસ્તાનની સરકાર અને સંસ્થાઓ દ્વારા તેમને જમીન આપવાના ખોટા વચનોનો પર્દાફાશ કરે છે. નદીમે કહ્યું કે મારું ધ્યાન જમીનના પ્લોટ પર નહીં, પરંતુ સંપૂર્ણપણે એથ્લેટિક્સમાં મારી કેરિયર પર કેન્દ્રિત છે.

## મહિલા યુરો 2024 : ઇંગ્લેન્ડ નાટકીય વાપસી સાથે સ્વીડનને હરાવી સેમીફાઇનલમાં

**નિર્ધારિત** સમયની 12 મિનિટ બાકી હતી ત્યાં સુધી 0-2થી પાછળ રહેલું ઇંગ્લેન્ડ મેચને બરાબરી પર લઇ આવ્યું

**પેનલ્ટી** શૂટઆઉટમાં બંને ટીમ ચાર-ચાર પેનલ્ટી ચૂકી અને અંતિમ પેનલ્ટીમાં સ્મિલા ચુકી તો લ્યુસીએ ગોલ કર્યો




ઝુરિચ, તા. 18 (એપી) : મહિલા યુરોપિયન ચેમ્પિયનશિપમાં અહીં રમાયેલી ઈંગ્લેન્ડ અને સ્વીડન વચ્ચેની એક નાટકીય મેચમાં નિર્ધારિત સમયની અંતિમ 12 મિનિટ બાકી હતી ત્યારે 0-2થી પાછળ રહેલી ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડની મહિલા ટીમ લગભગ બહાર થવાની અણીએ હતી ત્યારે લાયોનેસિસે જોરદાર વાપસી કરીને અંતિમ સમયમાં બે ઝડપી ગોલ કરી મેચ 2-2ની બરાબરી પર મૂકી હતી અને તે પછી રોમાંચક પેનલ્ટી શૂટઆઉટ જીત મેળવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. મહિલા યુરોના ઇતિહાસમાં એવું પહેલી વાર બન્યું છે કે જ્યારે કોઈ ટીમ નોકઆઉટ મેચમાં બે ગોલ પાછળ રહ્યા પછી વાપસી કરીને આ રીતે જીતી હોય. મંગળવારે જીનીવામાં રમાનારી સેમિફાઇનલમાં ઈંગ્લેન્ડ ઇટાલીનો સામનો કરશે.

શરૂઆતમાં જ ઈંગ્લેન્ડની ટીમ બેકફૂટ પર ધકેલાઇ ગઇ જ્યારે ફિલિપા એન્જલડાહલનો પાસ રિબાઉન્ડ થયો અને સ્વીડને ફાયદો ઉઠાવીને તેને ગોલમાં ફેરવી દીધો. મેચની 1 મિનિટ, 46 સેકન્ડમાં આ ગોલ થયો હતો. તે પછી થોડી જ વારમાં સ્વીડને બીજો ગોલ કરીને સરસાઇ બમણી કરી દીધી. ઈંગ્લેન્ડની ગોલકીપર હેન્ના હેમ્પટને ફાઇન સેવ કરીને ફ્રીડોલિના રોલ્ફો અને બ્લેકસ્ટેનિયસના પ્રયાસ મારી હઠાવીને ઈંગ્લેન્ડને રમતમાં રાખ્યું અને તે મહત્વપૂર્ણ સાબિત થયું. 78મી મિનિટે મેદાનમાં આવેલી ક્લો કેલીએ ડાબી બાજુથી ક્રોસમાં શોટ મારતા લ્યુસી બ્રોન્ઝે હેડર વડે ગોલ કર્યો. તેની બે મિનિટ પછી તેનો બીજો ચોક્કસ ક્રોસ સબસ્ટીટ્યૂટ અગીયેમાંગેએ હેડર વડે ગોલ કરતા સ્કોર બરાબરી પર ગયો હતો.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૩ | ૨ | ૯ | ૧ | | |
| | | ૧ | | | ૫ | | ૨ | ૩ |
| ૭ | ૩ | ૨ | ૬ | | | | ૮ | ૯ |
| | | ૯ | ૨ | ૪ | | | | ૭ |
| ૮ | | | ૫ | | | ૨ | | |
| | | | ૧ | | ૩ | | | ૫ |
| ૫ | | | ૪ | ૩ | | | ૬ | ૮ |
| | | ૮ | ૯ | | ૨ | | | ૧ |
| ૯ | | ૪ | | ૬ | ૮ | ૩ | ૫ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**તીવ્ર એસિડીટી**


ફ્રીઝનું ઠંડુ દૂધ અડધા કપમાં અડધું લીંબુ નીચોવી પી જવું. તાત્કાલિક સારવાર તરીકે સરસ રાહત આપે છે.

### શબ્દગુંફન - ૭૦૧૭ અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ગોળ ગતિમાં ફરવું તે (૫)
૫. જય મેળવનાર (૨)
૬. પારસીઓનું પૂજાસ્થાન (૪)
૭. ઘરડું પણ ન થાય કે મરે પણ નહિ તેવું (૫)
૧૦. કસોટી, સત્વ (૨)
૧૨. રસોડા કે ભંડારનો ઓરડો (૩)
૧૩. એક ખાવાની વાની (૨)
૧૫. આભાર (૨)
૧૬. પ્રાણીઓના ખેલનો તમાશો (૪)
૧૯. ઊંડું, ગાઢ (૩)
૨૧. મહિનો (૨)
૨૨. તાકાત (૨)
૨૩. હરકત, માથાકૂટ (૪)
૨૫. હાજર કરેલું (૨)
૨૬. પતિ (૨)
૨૭. સેવાચાકરી (૪)
૨૯. સરદાર, આગેવાન (૩)
૩૧. નાશ (૨)
૩૩. તેજ, ભપકો, આભા (૩)
૩૪. ચપટી લાંબી ચાંચવાળું એક જળચર પક્ષી (૩)

**ઊભી ચાવી**
૨. પ્રથા, ધારો (૩)
૩. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૪. એકાદશીનું વ્રત (૫)
૫. સહેજ, થોડુંક (૩)
૭. અણગમો, ખોટ (૩)
૮. ફરિયાદ (૨)
૯. માલિશ કરવું તે (૩)
૧૧. સારું, સુંદર (૩)
૧૪. પહાડ, પર્વત (૩)
૧૫. જેમાં પાન ખરે છે તે ઋતુ (૪)
૧૭. સુંદર સ્ત્રી (૨)
૧૮. વ્યાયામ, અભ્યાસ (૪)
૨૦. સમય, કાળ (૩)
૨૨. જુવાની (૪)
૨૪. એકનું એક વારંવાર કહેવું તે (૩)
૨૬. વેચાણનું નાણું (૩)
૨૮. હાથ નીચેનું, મદદગાર (૩)
૩૦. અધિકાર, દાવો (૨)
૩૨. બૂમ, પ્રતાપ (૨)



## અનુસંધાન... પાના પહેલાનું

### પહેલગામ હુમલાના...

મળે છે કે નવી દિલ્હી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી અમેરિકી ડેઝિગ્નેશનની પ્રક્રિયાના કડક ધોરણોને પૂર્ણ કરતી હતી. જે ધોરણોને ઘણીવાર UNSC મિકેનિઝમ કરતાં વધુ કઠોર માનવામાં આવે છે. અમેરિકી સૂચિમાં ટીઆરએફના સમાવેશની વિગત એ પણ પ્રકાશિત કરે છે કે કેવી રીતે પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઇશાક ડારે કથિત રીતે જૂથને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. નોંધનીય છે કે ડારે પહેલગામ હુમલા પછી સુરક્ષા પરિષદના નિંદા સંદેશમાંથી TRF ના સંદર્ભો દૂર કરવામાં ગર્વ અનુભવ્યો હતો.

### દેશમાં અત્યાર સુધી...

સરખામણીમાં 595.8 મીમી વરસાદ નોંધાયો. રાજસ્થાનમાં પણ વધુ વરસાદ જોવા મળ્યો, 125.6 મીમીના સામાન્ય વરસાદની સામે 271.9 મીમી વરસાદ, જે સામાન્ય કરતાં 116 ટકા વધુ છે.

લડાખમાં સામાન્ય રીતે ઓછો વરસાદ પડે છે, ત્યાં 15.8 મીમી વરસાદ પડ્યો, જે સામાન્ય કરતાં 8 મીમી વધારે છે. આ ત્રણ રાજ્યોને 'મોટા પ્રમાણમાં વધુ' વરસાદ ધરાવતા રાજ્યો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

અન્ય પાંચ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જ્યાં વધુ વરસાદ નોંધાયો છે તેમાં હરિયાણા, ઓડિશા, મધ્યપ્રદેશ, ગુજરાત અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સામેલ છે, અહીં સરેરાશ 20થી 59 ટકા વધુ વરસાદ પડ્યો છે.

ગુજરાતમાં 388 મીમી વરસાદ પડ્યો છે જે સામાન્ય કરતાં 64 ટકા વધુ છે, મધ્યપ્રદેશમાં 281.3 મીમીના સામાન્ય વરસાદની સામે 470.6 મીમી વરસાદ પડ્યો છે જે સામાન્ય કરતાં 67 ટકા વધુ છે.

ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ગોવા, મહારાષ્ટ્ર જેવા કેટલાંક રાજ્યોમાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

આ ચોમાસામાં પૂરનો સામનો કરનાર રાજ્યોમાં આસામ, અરૂણાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત અને હિમાચલ પ્રદેશ સામેલ છે જેમાં સૌથી વધુ નુકસાન હિમાચલમાં થયું છે.

### જસ્ટિસ વર્મા સામે...

સંપર્ક કરીશ કારણ કે હું કોઈપણ સભ્યને છોડી દેવા માંગતો નથી. જેથી તે ભારતની સંસદનું સહિયારુ વલણ બની જાય એમ રિજિજુએ એક વિશિષ્ટ મુલાકાતમાં પીટીઆઈ વીડિયોને જણાવ્યું હતું. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર એ અત્યંત સંવેદનશીલ અને ગંભીર બાબત છે, કારણ કે ન્યાયતંત્ર જ તે છે જ્યાં લોકોને ન્યાય મળે છે. જો ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોય, તો તે દરેક માટે ગંભીર ચિંતાનો વિષય છે. તેથી જ જસ્ટિસ યશવંત વર્માને હટાવવાની દરખાસ્ત પર તમામ રાજકીય પક્ષો દ્વારા હસ્તાક્ષર કરાવવાના છે એમ તેમણે કહ્યું હતું.

દરમ્યાન, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલે કહ્યું છે કે જજ યશવંત વર્મા સામે મહાઅભિયોગ સંપૂર્ણપણે સાંસદોનો મામલો છે અને સરકાર તેમાં ક્યાંયે ચિત્રમાં નથી. તેમણે કહ્યું કે સંસદને સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયાધીશને દૂર કરવાનો અધિકાર છે. ન્યાયાધીશના મહાભિયોગ માટેના પ્રસ્તાવને પસાર કરવા માટે લોકસભામાં ઓછામાં ઓછા 100 અને રાજ્યસભામાં 50 સભ્યોનું સમર્થન જરૂરી છે એમ તેમણે જણાવ્યું હતું.

### ઈડીએ છત્તીસગઢના...

લગભગ રૂ. 1,070 કરોડના ભંડોળ એજન્સીના સ્કેનર હેઠળ છે.

ઈડીએ દાવો કર્યો છે કે આ કૌભાંડના પરિણામે સરકારી તિજોરીને મોટું નુકસાન થયું અને દારૂ સિન્ડિકેટના લાભાર્થીઓના ખિસ્સા રૂ. 2,100 કરોડથી વધુ ગયા હતા.

બઘેલે કહ્યું હતું કે વિરોધ પક્ષના નેતાઓને નિશાન બનાવવા માટે કેન્દ્રીય એજન્સીઓ દુરુપયોગ થઈ રહ્યો છે, પણ તેમણે ન્યાય વ્યવસ્થામાં વિશ્વાસ દર્શાવ્યો.

### દિલ્હીની 45...

ધમકીઓ મળી હતી. અધિકારીઓ પાસેથી મળેલી માહિતી મુજબ ઉત્તર દિલ્હીમાં ઈન્દ્રપ્રસ્થ (આઈપી) કોલેજ ફોર વુમન, હિન્દુ કોલેજ અને શ્રીરામ કોલેજ ઓફ કોમર્સને આવી ધમકીઓ મળી છે, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. દિલ્હીના અનેક જિલ્લાઓની શાળાઓને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી.

દ્વારકામાં, સેન્ટ થોમસ સ્કૂલ, જી ડી ગોએન્કા સ્કૂલ, ડી આઈ એસ એજ સ્કૂલ, મોર્ડન ઈન્ટરનેશનલ સ્કૂલ, દ્વારકા ઈન્ટરનેશનલ સ્કૂલ અને લા પેટાઇટ મોન્ટેસરી જેવી શાળાઓના વહીવટીતંત્રે પોલીસને ધમકીઓ મળવાની જાણ કરી હતી. ત્યારબાદ આ શાળાઓમાં શોધખોળ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ જ રીતે રોહીણી અને પીતમપુરા વિસ્તારની શાળાઓને પણ ધમકીઓ મળી હતી. પોલીસને જાણ કરાયા બાદ પોલીસે આ કોલેજો, શાળાઓ ખાલી કરાવી હતી અને સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી પણ કશું મળ્યું ન હતું. પોતાના બાળકોની શાળાને બોમ્બની ધમકી મળી છે એવા સમાચાર મળતા ઘણા વાલીઓ કામ પડતા મૂકીને શાળાઓ પર દોડી ગયા હતા.

પોલીસ મુજબ, ધમકીભર્યા ઈમેલમાંથી એકમાં લખ્યું હતું, 'હેલો. હું તમને જણાવું છું કે મેં શાળાના વર્ગોમાં ઘણા વિસ્ફોટક ઉપકરણો (ટ્રિનિટ્રોટોલ્યુએન) મૂક્યા છે. વિસ્ફોટકો કાળા પ્લાસ્ટિકની થેલીઓમાં કુશળતાપૂર્વક છુપાવવામાં આવ્યા છે.' જો કે, શાળાઓમાં કંઈ પણ શંકાસ્પદ મળ્યું ન હતું, એમ ડીજીપી (દ્વારકા) અંકિત સિંહે જણાવ્યું હતું. એક ઈ-મેઈલમાં એવુ લખાયું હતું કે હું બધાને ખતમ કરી નાખીશ. શાળાએ દોડી ગયેલા વાલીઓને ફક્ત તેમના બાળકોના મૃતદેહો જોવા મળશે. એમ પણ લખ્યું હતું કે એકવાર વિસ્ફોટોના સમાચારો ફેલાવાના શરૂ થશે પછી આ ઈ-મેઈલ મોકલનાર આપઘાત કરશે!

### વિદેશમાં ભણતા...

ખર્ચ થઈ શકે છે. પરંપરાગત બેંક ટ્રાન્સફરમાં ઘણીવાર ફીના અનેક સ્તરો શામેલ હોય છે:

**વિનિમય દર માર્કઅપ:** બેંકો મોકલીને ૨-૬ ટકા ઉમેરવામાં આવે છે. મધ્યસ્થી કપાતઃ ચુકવણી શ્રૃંખલામાં બેંક દીઠ ૧૦-૩૦ ડોલર

**રિસીવિંગ બેંક ચાર્જ:** ૧૬ ડોલર સુધી. **કમ્પ્લાયન્સ ખર્ચ :** જે ઘણીવાર જાહેર કરાતું નથી. આ ફી સંચિત રીતે ૫ થી ૭ ટકા સુધીના રેમિટન્સ ચાર્જમાં પરિણમે છે, જે સંયુક્ત રાષ્ટ્રના વૈશ્વિક રેમિટન્સ ખર્ચને ૩ ટકા સુધી ઘટાડવાના ટકાઉ વિકાસ ધ્યેય લક્ષ્ય કરતાં ઘણા વધારે છે. આથી ડિજિટલ પ્લેટફોર્મ વડે વધુ પારદર્શી રીતે નાણા મોકલવાની ભલામણ કરવામાં આવે છે. વિશ્વ બેંકના મતે, સરેરાશ, ડિજિટલ રેમિટન્સનો ખર્ચ ફક્ત ૫ ટકા છે, જ્યારે બિન-ડિજિટલ પદ્ધતિઓ માટે આ દર ૭ ટકા છે.

## આજનું પંચાંગ

**તા. 19/07/2025, શનિવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** અષાઢ
**તિથિ:** વદ: નોમ:14:43
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 28
**યોગ :** શૂલ **કરણ:** વણિજ
**નક્ષત્ર :** ભરણી: 24:38
**રાશિ:** મેષ (અ,લ,ઇ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:08 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
**નવકારસી :** 06:56
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 09મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447, મોહરમ માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ,
**રાહુ કાળ :** સવારે: 9:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** રંગીન મુલાકાત થાય. દાંપત્ય-જીવનમાં. તાલમેળ વધે. સમાજમા પ્રતિષ્ઠા વધે. પ્રવાસમાં ધીરજ રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** ધર્મ-કર્મ થાય. કાયદા બાબતે પરેશાની થાય. વિદેશનાં કામ પાર પડે. વિરોધીઓથી સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમ વિવાહની શકયતા રહે. મિત્રો સાથે સામાજિક કામ થાય. નવા રોકાણથી લાભ થાય.

**કર્ક (ડ,હ,):** સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજ વસ્તુના વેપારમાં લાભ થાય. જાહેર જીવનમાં સાવધાની રાખવી.

**સિંહ (મ,ટ,):** ધાર્મિક પ્રવાસ ધાર્મિક સાહિત્ય, મિડિયા લેખન, કાયદા કાનૂનને લગતા કામમાં પ્રગતિ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** અચાનક ધનલાભ કે ઉઘરાણી આવવાથી શાંતિ મળે. મોજ-શોખ પાછળ ખર્ચા વધે.

**તુલા (ર,ત,):** જીવન સાથીના આરોગ્યનું નિદાન થાય. ઘરમાં તાલમેળ વધે. નોકરીમાં આવક ધંધમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** સરકારી યોજનાનો લાભ મળે. સરકારી નોકરિયાતની જવાબદારી વધે. શત્રુઓથી સાવધાન રહેવું.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં તાલમેળ રહે. અભ્યાસમાં પ્રગતિ થાય. નોકરીના પ્રયત્નો સફળ રહે. શેરબજારનાં કામ થાય.

**મકર (ખ,જ,):** નવા ઘરની યોજના બને. જમીન વાહનના પ્રશ્નો સતાવે વડીલોના આરોગ્યના ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરી માટે નવી તક મળે. શિક્ષણમાં પ્રગતિ થાય. અટકેલાં કામમાં ગતિ આવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** આવક વધે. ઉઘરાણી આવે. વારસાનાં કામમાં પ્રગતિ થાય. પારિવારિક ધંધામાં આવક વધે.

### કોઇ પણ સાલમાં 19 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી સાથે નવી તકો ઊભી કરનાર રહેશે. નવાં નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ વધશે. સાથે ટેકનોલોજીનો લાભ મળશે. સરકારી યોજનાનો લાભ મળે સમાજમાં સામાન્ય રહે. સરકારી-કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉંમરલાયકના વિવાહ થાય વિદેશનાં કામ ધીમાં પડે. સરકારી નોકરિયાતોની નવી જવાબદારી વધે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણી અટકે આર્થિક બાબતે ચડતી-પડતી રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડે. સંતાનોના અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવે. મિત્રો-વડીલોની મદદ આવક- વધારવાની યોજનામાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઇ- ઓગસ્ટમાં નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. ધંધામાં આવક વધે. નવેમ્બર-ડિસેમ્બરમાં નવા ફેરફાર નવી જવાબદારી વધારશે.